ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૦-૧૨-૨૦૨૧, સોમવાર





### ભિલોડામાં ચૂંટણી કામગીરીમાં મુકાયેલ શિક્ષકનું હૃદયરોગના હુમલાથી મોત

# સાબરકાંઠા-અરવલ્લી ગ્રામ પંચાયતોમાં સરેરાશ ૮૦ ટકા વિક્રમી મતદાન

### પ્રારંભિક ૩ કલાક ઠંડીની અસર દેખાઈ : બપોર બાદ મતદાનમાં ઉછાળો






બાયડ, તા. ૧૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૨૪ ગ્રામ પંચાયતોમાં સરપંચ-વોર્ડ બેઠકની ચૂંટણી માટે રવિવાર સવારથી મતદાન શરૂ થયું. ઠંડી પ્રકોપના કારણે શરૂઆતના ૩ કલાક અત્યંત કંગાળ મતદાનથી ઉમેદવારો મુઝાયા પરંતુ બપોર બાદ મતદાન મથકો ઉપર મતદારોની ભીડ ઉમટી તથા જિલ્લાની ૧૪ તાલુકાની ગ્રામ પંચાયતોમાં સરેરાશ ૮૦ ટકાથી વધુ વિક્રમી મતદાન થયાના અહેવાલ છે. ભિલોડા તાલુકાની વેણપુર પ્રા. શાળામાં ચૂંટણી કામગીરીમાં મુકાયેલ પ્રા. શિક્ષક દિનેશભાઈ પરમાર (આચાર્ય-મલેકપુર શાળા, તા. ભિલોડા)ને રાત્રે હૃદયરોગનો હુમલો આવતાં મોત નિપજતા કર્મચારીઓમાં શોક છવાયો હતો. અનેક વિસ્તારોમાં મતદાન મથકો આગળ ટોળાં એકત્ર થતાં વારંવાર સંઘર્ષમય વાતાવરણ જોવા મળ્યું.

ગ્રામ પંચાયતોના સુકાની માટે તા. ૧૯ ડિસેમ્બરે સુસવાટા મારતી ઠંડી વચ્ચે મતદાન પ્રક્રિયા શરૂ થઈ પરંતુ પ્રારંભિક ૩ કલાકમાં અત્યંત કંગાળ સરેરાશ ૮ ટકા મતદાનથી ઉમેદવારો તથા તેમના ટેકેદારોની ઉંઘ હરામ થઈ હતી. મતદાન માટે મતદારોને ઢંઢોળવાના પ્રયાસ શરૂ થયા. ત્યારબાદ મતદાન મથકોએ મતદારો જોવા મળ્યા. ગત રાત્રિથી કાતિલ ઠંડીના કારણે જનજીવન ઠુંઠવાયુ હતુ. ચૂંટણી કામગીરીમાં મુકાયેલા સ્ટાફ માટે પણ કાતિલ ઠંડીમાં રહેવા માટેની યોગ્ય વ્યવસ્થા ન કરાતાં કર્મચારીઓમાં છૂપો રોષ જોવા મળ્યો. સવારે ૭ કલાકથી મતદાન શરૂ થયું પરંતુ મતદારોનો નિરૂત્સાહ પ્રારંભે જોવા મળ્યો જેથી ચૂંટણી કામગીરીમાં મુકાયેલ સ્ટાફ પણ કંટાળ્યો હતો. ઠંડીની તિવ્રતા ઘટતાં સવારે ૧૦ કલાક પછી મતદાન મથકો ઉપર મતદારોની કતાર જોવા મળી. જિલ્લાના સંવેદનશીલ, અતિ સંવેદનશીલ મતદાન મથકો ઉપર ચુસ્ત બંદોબસ્તના દાવા વચ્ચે અનેક મતદાન મથકો આગળ ભીડ જોવા મળતાં કેટલાક ઉમેદવારોએ વાંધો લેવા છતાં ટોળા દૂર થયા ન હતા. બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, માલપુર, મેઘરજ તાલુકામાં એકંદરે શાંતિપૂર્વક મતદાન થવાની પ્રારંભિક અહેવાલ છે. પરંતુ મતદારોને ખાનગી વાહનોમાં લાવવા બાબતે કેટલાક વિસ્તારોમાં આક્ષેપ પ્રતિ આક્ષેપ સામે આવ્યો છે. જ્યારે ચૂંટણી કામગીરીમાં મુકાયેલ સુરક્ષા સ્ટાફ દ્વારા અનેક મતદાન મથકો ઉપર ટોળાં એકત્ર થવા છતાં નરમાસથી કામગીરી કરતા હોવાના આરોપ વારંવાર દિવસ દરમ્યાન સાંભળવા મળ્યા હતા.

## સાબરકાંઠાના આઠ તાલુકામાં પ્રારંભે કંગાળ માત્ર ૮ ટકા મતદાન

બાયડ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાની ૨૨૮ ગ્રામ પંચાયતોમાં સરપંચ - વોર્ડ બેઠક માટે રવિવારે મતદાન યોજાયું. પ્રારંભમાં ૩ કલાકમાં સરેરાશ ૮ ટકા મતદાન નોંધાયું હતું. કંગાળ મતદાનથી ઉમેદવારો - ચૂંટણી સ્ટાફે આશ્ચર્ય અનુભવ્યું હતું. જિલ્લામાં ઈડર તાલુકામાં ૧૧.૧૬ ટકા અને વિજયનગર તાલુકામાં ૧ ટકાથી વધુ ઓછું મતદાન નોંધાયાના અહેવાલ મળ્યા છે.

## સાબરકાંઠા- અરવલ્લી બંન્ને જિલ્લાઓ માટે ૨૬૦૦ મેટ્રિક ટન ખાતરનો જથ્થો હિંમતનગર ખાતે પહોંચ્યો

### સાબરકાંઠા જિલ્લામાં ૧૩૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતરનુ વિતરણ થશે

બાયડ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાનામાં ખેડૂતને પોતાના પાકની વૃધ્ધિ માટે રાસાયણીક ખાતર ઉપલબ્ધ થાય તે માટે રેલવે મારફત ઈફકો યુરીયા ખાતરની સપ્લાય કરવામાં આવી રહી છે. હાલ ડિસેમ્બર માસમાં તા. ૧૬ ડિસેમ્બરના રોજ રેલવે રેકના મારફેતે હિંમતનગર રેલ્વે સ્ટેશન ખાતે ઈફકો કંપનીનું યુરીયા ૧૩૦૦ મેટ્રિક ટન ખાતરની સપ્લાય કરવામાં આવી છે. તેમજ અરવલ્લી જિલ્લામાં ૧૩૦૦ મેટ્રિક ટન યુરીયા ખાતર સપ્લાય કરવામાં આવ્યું છે. સાબરકાંઠા-અરવલ્લી બંન્ને જિલ્લાઓ માટે ૨૬૦૦ મેટ્રિક ટન ખાતરનો જથ્થો આવી પહોંચ્યો છે. આમ આ માસમાં જિલ્લામાં કુલ ૮૧૩૧ મેટ્રિક ટન ખાતરની સપ્લાય કરવામાં આવી છે. આથી ખેડૂતોએ ચિંતા કરવી નહી અને જરૂર મુજબ ખાતરની ખરીદી કરે એમ નાયબ ખેતી નિયામક હિંમતનગર સાબરકાંઠાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



## હિંમતનગરના સ્વામીનારાયણ મંદિર ખાતે પ્રિ-વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ખેડૂત સંવાદ કાર્યક્રમ

### પ્રાકૃતિક ખેતી ખેડૂતોના આર્થિક સમૃધ્ધિના દ્વાર ખોલશે : જિલ્લા પંચાયત પ્રમુખ

બાયડ તા.૧૯

ગુજરાત સરકારના કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આણંદ ખાતે યોજાયેલ પ્રી-વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સ્વામી નારાયણ મંદિર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલ તથા જિલ્લા કલેકટરશ્રી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં ખેડૂત સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.



જેમાં આણંદ ખાતે કૃષિ સેમિનાર અને પ્રદર્શન કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વરચ્યુલી જોડાઈને ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. જયારે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર, રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્ય, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રેરક ઉદ્દબોધન કર્યુ હતું. ખેડૂત સંવાદ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધીરજભાઈ પટેલે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના ખેડૂતોની આવક બમણી કરવા કૃષિમાં વૈવિધ્યતા અને નવિન ટેકનોલોજીનો મહતમ લાભ મળી રહે તે દિશામાં કામ કરી રહ્યા છે. તેની સાથે ખેડૂતો રાસાયણિક દવા અને ખાતરનો ઉપયોગ ઘટાડી પ્રાકૃતિક ખેતીથી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરે તે માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી કરતા થાય તે જરૂરી હોવાનું જણાવ્યું હતું. તેમણે દેશી ગાય ઉછેર કરી સરકાર તરફથી મળતી સહાયનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર હિતેષ કોયા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વી.કે.પટેલ, સહિત મોટી સંખ્યામાં ધરતીપુત્રો ઉપસ્થિત રહયા હતા.

## શામળાજી આર્ટસ કોલેજ તથા મોડાસા ખાતે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન

**અનુસુચિત જનજાતિના ૧૫ થી ૩૫ વયના યુવક તથા યુવતીઓ ઉપસ્થિત રહ્યા**

બાયડ તા.૧૯

કમિશનરશ્રી યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લી દ્વારા આયોજીત અનુસુચિત જનજાતિના ૧૫ થી ૩૫ વયના યુવક/યુવતીઓ માટે જીલ્લા કક્ષા વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર તથા અનુસુચિત જાતિના ૧૫ થી ૩૫ વયના યુવક/યુવતીઓ માટે જીલ્લા કક્ષા વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન શામળજી આર્ટસ કોલેજ ખાતે જીલ્લા કક્ષા વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ તેમજ મોડાસાણી શ્રી કે.એન.શાહ હાઈસ્કુલ ખાતે પણ શિબિરનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે બન્ને કાર્યક્રમોમાં શ્રી ડૉ.શરદ ઠાકર દ્વારા ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓનાં જીવનમાં ઉપયોગી થાય અને તેમનો વ્યક્તિત્વ ખિલે એવા પ્રસંગોનું વર્ણન કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા રમતગમત અધિકારીશ્રી હર્ષાબેન જે. ઠાકોર, શામળાજી આર્ટસ કોલેજના પ્રિન્સિપાલશ્રી, પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી, રાકેશભાઈ એસ. પટેલ, મોડાસા કેળવણી મંડળના પ્રમુખશ્રી, બિપીનશાહ, કે.એન.શાહ હાઈસ્કુલના આચાર્યશ્રી, એમ.આઈ.જોષી અને સર્વોદય હાઈસ્કુલના આચાર્યશ્રી, આર.સી.મહેતા અન્ય મહાનુભાવો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## નવીન આનંદીબા અન્નપૂર્ણા ભવન લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

બાયડ તા.૧૯

માલપુર ત્રિવેદી મેવડા બ્રાહ્મણ સંચાલિત સ્વયંભૂ રક્ષેસ્વર મહાદેવ ના સાનિધ્ય માં ૭૦ લાખ ના ખર્ચે નવીન આનંદીબા અન્નપૂર્ણા ભવન બો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો ભગવાન મહાદેવ ના પટાંગણ માં નવીન બગીચો આકાર લઈ રહ્યો છે સાથે રેવાબા સત્સંગહોલ ની બાજુ માં ૭૦ લાખ ના ખર્ચે આનંદીબા અન્નપૂર્ણા ભોજનાલય મુખ્યદાતા અને સમાજ ના અન્ય દાતાઓ ના સહયોગ થી ભવ્ય અન્નપૂર્ણા ભવનનું આજ રોજ મુખ્યદાતાઓ અને સમાજ ના અગ્રણી હોદેદારો અને માલપુર બ્રહ્મ સમાજ ના અબાલ વૃદ્ધ સૌ કોઈ ની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો સાથે



સાથે આ ભગીરથ યજ્ઞ માં ખાસ સહયોગ આપનાર મુખ્ય દાતા શ્રી વસંત ભાઈ પંડ્યા, શ્રીમતી પ્રફુલબેન ભટ્ટ, શ્રીમતી પુષ્પાબેન પંડ્યા ની અધ્યક્ષતા માં આનંદીબા અન્નપૂર્ણા ભવનનું લોકાર્પણ યોજાઈ ગયું માલપુર ત્રિવેદી મેવડા બ્રહ્મ સમાજ વતી આ તમામ મુખ્ય દાતાઓ નું શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કર્યું હતું આ નૂતન સંકુલ ના નિર્માણ કાર્ય માં સહોયોગ આપનાર દાતાઓનું પણ સમાજ ના શ્રેસ્ટીઓ દ્વારા સન્માન કરાયું હતું સમગ્ર કાર્યક્રમ દરમિયાન માલપુર બ્રહ્મસમાજ ના નાના મોટા યુવાનો વડીલો બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા હજુ પણ રક્ષેસ્વર મહાદેવ સંકુલ માં નવીન વૈદિક યજ્ઞ શાળા પ્રતીક્ષા ભવન તથા ધર્મશાળા નું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે દાન આપનાર સૌ દાતા નો સમાજ ના પ્રમુખ વિજેશ પંડ્યા એ આભાર માન્યો હતો સમગ્ર કાર્યક્રમ માં માલપુર બ્રહ્મ સમાજ ના પ્રમુખ વિજેશ ભાઈ પંડ્યા, મંત્રી અનિલ ભાઈ ગોર , ઉપ પ્રમુખ ચંદ્રકાન્ત પંડ્યા, રાજેશ ભાઈ ગોર, સહિત સમાજના તમામ કારોબારી સદસ્યો સમાજના વડીલો માતાઓ બહેનો અને યુવાનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા મુખ્ય દાતાઓ દ્વારા આનંદીબા અન્નપૂર્ણા ભવનનું રીબીન કાપી લોકાર્પણ કરાયું હતુ

## ભિલોડા તાલુકામાં ઉમળકાભેર મતદારોએ હોંશે-હોંશે મતદાન

**સરપંચ અને સભ્ય પદના ઉમેદવારોનું ભાવી મતપેટીઓમાં સીલ,મંગળવારે મત ગણતરી હાથ ધરાશે,સરેરાશ ૬૦% થી વધુ મતદાન**

ભિલોડા,તા.૧૯

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતની ચુંટણી સંદર્ભે મતદારોએ ગાત્રો થીજવતી કાતિલ તીવ્ર ઠંડીના ચમકારા



વચ્ચે ગામડાઓમાં વહેલી સવારથી મતદારોએ ઉમળકાભેર મતદાન કર્યું હતું.ઉમેદવારો અને સમર્થકોએ વધુ માં વધુ મતદાન કરાવવા માટે ભગીરથ પ્રયત્નો કર્યા હતા.ઉમેદવારોએ જીત ના દાવા કર્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારે મત ગણતરી પુર્ણ થયા ગ્રામ પંચાયતની ચુંટણીનું પરિણામ જાહેર થયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે તેમ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ જણાવ્યું હતું.મતદારો ને મતદાન કરવા માટે લાંબી લાંબી કતારોમાં કલાકો સુધી પ્રતિક્ષા કરવી પડી હતી.

## મહેસાણા જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં યુવાનો સહિત વયોવૃધ્ધ નાગરિકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો






મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લાની ૧૦૪ ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણીઓમાં યુવાનો સહિત વયોવૃધ્ધ નાગરિકોએ મતાધિકારીનો ઉપયોગ કર્યો હતો. મહેસાણા જિલ્લામાં ૧૦૪ સરપંચ માટે ગ્રામ પંચાયોતની ચૂંટણીઓ માટે ૧૪૭૮૦૧ પુરૂષ મતદારો અને ૧૩૭૨૩૦ સ્ત્રી મતદારો મળી કુલ ૨૮૫૦૩૨ મતદારો નોંધાયા છે.આ ઉપરાંત મહિયલ ગામની પેટા ચૂંટણીમાં ૬૫૨ પુરૂષ અને ૬૮૭ સ્ત્રી ઉમેદવારો મળી ૧૩૩૯ મતદારો નોંધાયા છે. મહેસાણા જિલ્લામાં સવારથી સાંજ સુધીનો ગ્રામ્યજનોમાં મતદાનનો ઉત્સાહ જોવા મળ્યો હતો. મહેસાણા જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન યોજાયું હતું.મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય મતદાનમાં ૮૨ વર્ષીય મંગુબેન પટેલે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાય વર્ષોથી હું મતદાન કરૂ છું. દરેક મતદારે મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. આ ઉપરાંત ૭૮ વર્ષીય પટેલ મેનાબહેને જણાવ્યું હતું કે દરેક મતદાર મતાધિકારનો હકક અને ફરજ પુરી કરે તે જરૂરી છે.લોકશાહિમાં મતદાન એ અમૂલ્ય છે. દરેક મતદારે મતદાન કરવા મેનાબહેને જણાવ્યું હતું

### પેપરલીક પ્રકરણમાં દરરોજ નવા ખુલાસા

## પેપરલીક પ્રકરણના મુખ્ય સૂત્રધારે નિર્દોષ હોવાનો રાગ આલાપ્યો

### પેપર આખું અમદાવાદની હોસ્પિટલના કર્મચારીએ આપ્યું અને સાચું નિકળ્યું

બાયડ, તા. ૧૯

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગત રવિવારે લેવાયેલ હેડ કલાર્ક વર્ગ-૩ની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થતાં સાબરકાંઓઠા જિલ્લા પોલીસ દ્વારા ૧૧ આરોપીઓ વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી ૮ આરોપીઓના રીમાંડ મેળવ્યા છે. ત્યારે અંડરગ્રાઉન્ડ મુખ્ય આરોપી ઉંછા ગામના જયેશ ઈશ્વરભાઈ પટેલએ પોતે નિર્દોષ હોવાનો વીડિયો શૅર કરી તપાસ કરતી પોલીસને ચોંકાવી દીધા છે. લીક પેપર અમદાવાદની હોસ્પિટલના કર્મચારીએ આપ્યું અને તે સાચું નિકળ્યું તેમ પણ જણાવ્યું છે. વખતો વખત પેપર લીકના કારણે બદનામ થતા સાબરકાંઠા જિલ્લામાં ફરી એકવાર ગુજરાત ગૌણ પસંદગી સેવા મંડળનું પેપર લીક કરવા સબબ ૧૧ આરોપી સામે ફરિયાદ પછી દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. ન્યાયિય તપાસ થાય તો પાટનગરનું સચિવાલય હમચચી જાય તેવી ચર્ચા છે જયારે ગૃહવિભાગે પેપર લીક કરનારા સામે કડક કાર્યવાહીના સંકેત આપતાં લીક કરનારા અને તેના આકાઓ ફફડી ઉઠ્યા છે તેવા સમયે મુખ્ય આરોપીઓ નિર્દોષ હોવાનો વીડિયો કોઈ અગમચેતીના ભાગરુપ હોવાનું અનુમાન છે.